1×0
~~8~~

ક્રમાંકઃ અષણ/૨૪૬૦/જ.૪/૨૭૩/૨૦૧૩
સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગુજ. રાજ્ય,
બ્લોક નં.૧૦, પ્રથમ માળે,
જુના સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૩/૦૮/૨૦૧૩.
૧૪

## -: જાહેરનામુ :-

ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨(૧) ત્થા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ -૧૯૬૧ના કાયદામાં સુધારા અંગેના, ગુજરાત એકટ નં.૧૭/૨૦૧૩ ગર્વ.ગેઝેટ તા.૧૫/૦૪/૨૦૧૩ થી,સુધારાઓ અમલમાં આવતાં, આ કાર્યાલયના તા.૨૧/૧૨/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક.અષણ.જ-૪-૨૪૬૦-૫૫૮-૧૨ થી પ્રસિધ્ધ કરેલ પેનલ યાદી આથી રદ કરવામાં આવે છે અને સુધારેલ સહકારી કાયદાની કલમ-૮૪(૨) ની જોગવાઈઓ અન્વયે સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૩ ના પત્ર ક્રમાંક જીસીએસ/૧૦-૨૦૧૩/૭૯૫/છ થી સહકાર **કમિશ્નર અને રજીસ્ટ્રાર સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરને,** ચાર્ટડ એકાઉન્ટન્ટની ફર્મ / ચાર્ટડ એકાઉન્ટન્ટની પેનલ યાદી તૈયાર કરીને, પ્રસિધ્ધ કરવા અધિકૃત કરતાં, જે વિગતોએ આથી પ્રથમ પેનલ યાદી આ સાથે સામેલ કરેલ, લાયકાત ધરાવતી C.A. વ્યકિતઓની તથા ફર્મની અત્રે જિલ્લા કચેરી તેમજ સીધી રજુ થયેલ તા.૧૫/૦૭/૨૦૧૩ સુધીનીદરખાસ્તો અન્વયે, ઉપલબ્ધ વિગતો મુજબ, તા.૩૦/૦૬/૨૦૧૩ની સ્થિતિએ લઘુત્તમ પાંચ વર્ષ સુધીનો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકેનો અનુભવ ધરાવતા (C0P વર્ષ.૨૦૦૮ સુધીના) CA Firm / CA ના ઉમેદવારોનો સમાવેશ કરીને પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આ પેનલ યાદીમાં સમાવેશ કરેલ લાયકાત ધરાવતા ઉમેદવારોને નીચે જણાવેલી શરતોને આધીન રહીને પ્રમાણીત અન્વેષક તરીકે, આથી માન્યતા આપવામાં આવે છે.

(૧) આ પ્રસિધ્ધ થયેલ પેનલ યાદીમાં સમાવિષ્ટ થયેલ CA Firm / CA પ્રમાણીત અન્વેષકોની, જે તે સહકારી સંસ્થાઓએ સહકારી કાયદાની કલમ-૮૪(૨) મુજબ તેમના નાણાંકીય વર્ષ પુર્ણ થયાના છ માસની અંદર ઓડીટ માટે, તેની સામાન્ય સભામાં ઠરાવ કરીનેકલમ-૮૪(૬) મુજબની સરકારશ્રીના ધારા ધોરણ મુજબની ઓડીટ ફી ચૂકવવાનું નકકી કરીને ત્થા જરૂરી શરતો તેમની સાથે નકકી કરીને ઓડીટર તરીકે તેમની નિમણુંક કરવાની રહેશે અને તેમ કર્યાની સબંધિત જિલ્લા કચેરી / (વિભાગીય) કચેરી, અમદાવાદ /વડોદરા /રાજકોટને ઠરાવસહ **જાણ કરવાની રહેશે.**

(૨) જે સહકારી સંસ્થા, સુધારેલ સહકારી કાયદાની કલમ-૮૪(૧)ની જોગવાઈઓ ધ્વારા તેમનુ નાણાંકીય વર્ષ પુર્ણ થયેથી છ માસમાં, તેનુ ઓડીટ નહી કરાવે તો તેવી સંસ્થાઓના ઓડીટ સહકાર ખાતાના ઓડીટરો ધ્વારા એટલે કે સબંધિત જિલ્લા કચેરી / વિભાગીય કચેરીના

નિયંત્રણ હેઠળના ઓડીટરો ધ્વારા કરવામાં આવશે, અને આવા ઓડીટ અંગેનો ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે,

(૩) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ / કે C A બિમાર હોય, આંખે દેખાતું ન હોય, શારીરિક મુશ્કેલી હોય અને તેઓ ને સુપ્રત થયેલ મંડળીઓ, આ કારણથી ઓડીટ ન કરતાં તેમને ઓડીટ સોંપવુ નહીં.

(૪) પેનલ ઉપરના પ્રમાણિત અન્વેષકો જે જિલ્લાની પેનલ ઉપર માન્ય થયેલ હોય તેઓને તે જીલ્લાની, મંડળીઓએ તેમની નિમણુક કરીને ઓડીટ માટે સોંપવી ઈચ્છનીય છે. જે જીલ્લામાં પેનલ ઉપરની સંખ્યા પુરતી ન હોય તો નજીકના જીલ્લાની પેનલ યાદીમાંથી જરૂરી ઠરાવ કરીને જે તે સંસ્થા ઓડીટરની નિમણુક કરી શકશે.

(૫) આ પેનલયાદી ઉપરના કોઇપણ પ્રમાણીત અન્વેષકો જે તે સહકારી સંસ્થા તરફથી કોઇપણ પ્રકારની મંડળીનું ઓડીટ સોંપવામાં આવે તો તે, પૂર્ણ કરવાનું રહેશે. સોંપાયેલ ઓડીટની કામગીરીનો અસ્વીકાર/ઇન્કાર કર્યેથી, અને મંડળી તરફથી અત્રે જાણ કર્યેથી તેવા પ્રમાણીત અન્વેષકોને, આ પેનલયાદી ઉપરથી ત્રણ વર્ષ સુધી દૂર કરી શકાશે.

(૬) પેનલ ઉપરના CA Firm / CA પ્રમાણીત ઓડીટર પોતે, તેમના ભાગીદાર, પોતાના ડીરેકટરવાળી કંપની કે તેમના કુટુંબના સભ્યો કોઈ પણ નાગરીક બેન્ક / કે કોઈ પણ સહકારી સંસ્થાના દેવાદાર ન હોવા જોઈએ તથા પોતે તેમના ભાગીદાર કે તેમના કુટુંબના સભ્યો વ્યવસ્થાપક સમિતિ કે અન્ય પેટા સમિતિના સભ્યો હોય તો તે પેનલ ઓડીટર, આવી બેન્ક / સહકારી સંસ્થાનું ઓડીટ કરી શકશે નહી.

(૭) ઓડીટ શરૂ કરતા પહેલાં મુદ્દા નં. ૬ બાબતે પોતે તે પ્રકારની ગેરલાયકાત ન ધરાવતા હોવાની જે તે સંસ્થાને, તેમની ઓડીટ માટે નિમણુક થયેથી બાંહેધરી આપવાની રહેશે.

(૮) ઓડીટ સુપ્રત કરનાર જે તે સહકારી સંસ્થાએ CA Firm / CA ની પ્રમાણિત અન્વેષક તરીકે નિમણૂંક કર્યેથી તેની ઠરાવસહ સબંધિત જિલ્લા કચેરી / (વિભાગીય) કચેરીને જાણ કરવાની રહેશે,

(૯) પ્રમાણિત અન્વેષકે, ઓડીટની કામગીરી સમયે પોતાની પાસે ઓળખના આધાર તરીકે ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા આપવામાં આવેલ આઈડેન્ટીટી કાર્ડ / કે UDIN NO. / ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટનું પાન કાર્ડ કે મતદાર ઓળખપત્ર પોતાની સાથે રાખવાનું રહેશે.

(૧૦) પેનલ ઉપરના CA Firm / CA પ્રમાણિત અન્વેષકોએ જે તે નાગરીક બેન્કમાંથી લોન લીધેલ હોય અને તે લોનની વર્ષે બાકીદાર હોય તો તેઓએ તેવી બેન્કનું ઓડીટ કરવું નહી. સંબંધિત ઓડીટરે બેન્કનું ઓડીટ શરૂ કરતાં પહેલાં પોતે સંબંધિત બેન્કના બાકીદાર નથી તેવું અન્ડરટેકીગ જે તે સંસ્થા / નાગરીક બેંકને આપવાનું રહેશે.

(૧૧) જે કિસ્સામાં એકથી વધુ જીલ્લામાં નામાંકનની દરખાસ્ત ધ્યાને આવેલ છે, તેવા કિસ્સામાં ફકત એક જ જગ્યા/જીલ્લામાં જે-તે ઉમેદવારનો આ પેનલયાદીમાં સમાવેશ કરવામા આવેલ છે. તેમજ આ પેનલ યાદી ઉપરના CA Firm / CA ના નામનું ડુપ્લીકેશન થયાનું ધ્યાને આવ્યેથી તેની અત્રે / જિલ્લા કચેરીને જાણ કરવાની રહેશે.અને પ્રથમ ક્રમનુ પેનલ ઉપરનુ નામ જ અધિકૃત ગણાશે,

(૧૨) પ્રમાણિત અન્વેષકોને સુપ્રત કરેલ મંડળીઓના ઓડીટ, તેઓએ સમય મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે. અને જે તે મંડળીને તથા જીલ્લા રજીસ્ટ્રારશ્રીને દિન–૧૫માં ઓડીટ નોંધ આપવાની રહેશે. ઓડીટ નોંધ મંડળી તથા જીલ્લાની કચેરીને આપ્યાના જરૂરી પુરાવા તેઓના રેકર્ડ ઉપર રાખવાના રહેશે. આ બાબતે ઓડીટ કરવામાં કોઈ પ્રતિકૂળતા હોય, તો તેની તેઓએ જે તે મંડળીને દિન–૧૫માં, સબંધિત જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ સહિતને જાણ કરવાની રહેશે.

(૧૩) આંતરિક ઓડીટ અને વૈધાનિક ઓડીટ એક જ પ્રમાણિત અન્વેષક કરી શકશે નહી.

(૧૪) આ પેનલયાદીમાં સમાવેશ કરાયેલ ઉમેદવારોનો આ પેનલ યાદી પ્રસિધ્ધ થયા તારીખથી તા.૩૦/૦૯/૨૦૧૪ સુધીની સમયમર્યાદા માટેની પેનલયાદી પૂરતો જ સમાવેશ કરવામાં આવેલ છે.

સ્થળ:–ગાંધીનગર
તા.૨૭/૦૮/૨૦૧૩

સહી/–
(દિલીપ રાવલ)
સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગુજ.રાજ્ય,
ગાંધીનગર.

નકલ રવાના:–

(૧) કમિશ્નરશ્રી,કુટિર અને ગ્રામોદ્યોગ, ગુ.રા.,ઉદ્યોગભવન બ્લોકનં.૬,૭,૮, ગાંધીનગર (સવિનય)

(૨) નિયામકશ્રી, ખાંડ તંત્ર, બ્લોક નં.૮, ૨ જે માળ, જુના સચિવાલય, ગાંધીનગર.

(૩) મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી,નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, સહકાર ખાતું, ગુ.રા., અમદાવાદ, કૃષિભવન, પાલડી.

(૪) સંયુકત રજીસ્ટ્રાર અને ખાસ અન્વેષકશ્રી, સહકારી મંડળીઓ (વિભાગીય) અમદાવાદ / વડોદરા / રાજકોટ.

(૫) જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (તમામ
૨/–જાણ તેમજ તેમના તરફથી સબંધકર્તા સહકારી સંસ્થાઓના લક્ષ પર લાવવા તેમજ સંબંધિત પેનલ ઉપરનાં પ્રસિદ્ધ થયેલ સબંધિતોને જાણ કરવા સુચના સારૂ.

(૬) મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, સેકટર–૩૦, ગાંધીનગર.
૨/–જાહેરનામું તથા પ્રમાણિત અન્વેષકશ્રીની આ પેનલ યાદી સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કરી તેની ૨૦ નકલો અત્રેના કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે.

(૭) નિયંત્રણ અધિકારીશ્રી(વહિવટ)
૨/–રજિસ્ટ્રારશ્રીની Website ઉપર તાત્કાલીક પ્રસિધ્ધ કરી અત્રે જાણ કરવાની વિનંતી સહ.

(૮) તમામ શાખા, વડી કચેરી. / તમામ N.A. શાખામાં,

(૯) એસ.આર.ફાઇલ / એસ.ઓ. ફાઇલ

(રવાના કરવા અધિકૃત )

૧૫।૪।૧૩

સહકાર કમિશ્નર અને રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, ગુજ.રાજ્ય,
ગાંધીનગર વતી

સમરી પત્રકઃ-

વિભાગવાર

| અ.નં. | વિભાગ | C. A. Firm | C. A. | કુલ |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨૦૦ | ૨૭૯ | ૪૭૯ |
| ૨. | વડોદરા | ૩૫૧ | ૧૩૮ | ૪૮૯ |
| ૩. | રાજકોટ | ૧૫૮ | ૩૬ | ૧૯૪ |
| | કુલ સરવાળો--- | ૭૦૯ | ૪૫૩ | ૧૧૬૨ |

-:સમરી પત્રકઃ-

જીલ્લાવાર

| અ.નં. | જિલ્લો | C. A. Firm | C. A. | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૪૦ | ૨૬૪ | ૪૦૪ |
| ૨ | ગાંધીનગર | ૧૦ | ૫ | ૧૫ |
| ૩ | મહેસાણા | ૧૫ | ૬ | ૨૧ |
| ૪ | સાબરકાંઠા | ૨૨ | ૨ | ૨૪ |
| ૫ | બનાસકાંઠા | ૯ | ૧ | ૧૦ |
| ૬ | પાટણ | ૪ | ૧ | ૫ |
| ૭ | વડોદરા | ૧૧૮ | ૪૨ | ૧૬૦ |
| ૮ | નડીયાદ | ૧૩ | ૪ | ૧૭ |
| ૯ | આણંદ | ૧૮ | ૪ | ૨૨ |
| ૧૦ | સુરત | ૧૬૪ | ૭૨ | ૨૩૬ |
| ૧૧ | વલસાડ | ૧૬ | ૩ | ૧૯ |
| ૧૨ | ભરૂચ | ૮ | ૪ | ૧૨ |
| ૧૩ | નવસારી | ૧૧ | ૪ | ૧૫ |
| ૧૪ | ગોધરા | ૩ | ૫ | ૮ |
| ૧૫ | દાહોદ | – | – | – |
| ૧૬ | તાપી | – | – | – |
| ૧૭ | રાજકોટ | ૮૬ | ૧૧ | ૯૭ |
| ૧૮ | જામનગર | ૩૪ | ૩ | ૩૭ |
| ૧૯ | ભાવનગર | ૨ | ૬ | ૮ |
| ૨૦ | જૂનાગઢ | ૧૯ | ૫ | ૨૪ |
| ૨૧ | અમરેલી | ૧ | – | ૧ |
| ૨૨ | પોરબંદર | ૬ | ૩ | ૯ |
| ૨૩ | સુરેન્દ્રનગર | – | ૪ | ૪ |
| ૨૪ | ભુજ | ૧૦ | ૪ | ૧૪ |
| | કુલ સરવાળો--- | ૭૦૯ | ૪૫૩ | ૧૧૬૨ |